# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

ખોધો 'ચિંતન' ડુંગર, કારસો ગોઠવાઇ ગયો!
-અને નિકળ્યો ઉંદર, વારસો ગોઠવાઇ ગયો.
તારસો, ડૂબાડશો કે હારસો 'ચૌદની ચૂંટણી!
સ્વાર્થના ચહેરા સામે, આરસો ગોઠવાઇ ગયો!

**હાઇકુ**

વિદેશી 'મા' એ
સાચવી પરંપરા -
ધન્ય સોનીયા..
(બલિદાન નું ફળ)

ગાંધી-કોંગ્રેસ
તરવા વલખતી -
તરણા ઓથે..
(વામન કોંગી નેતાઓ)

## ચિંતન

**લભતે સિકતાસુ તૈલમપિ યત્નતઃ પીડયન્ પિબેચ્ચ મૃગતૃષ્ણિકાસુ સલિલં પિયાસાર્દિતઃ ।**
**કદાચદપિ પર્યટંચરાશવિષાણ માસાદયેન્નતુ પ્રતિનિવિષ્ટ મૂર્ખજન ચિત્તમારા ધયેત્ ॥**

ભતૃહરિના નીતિશતકનો આ શ્લોક છે :

'ધારો કે, મનુષ્ય પ્રયત્નપૂર્વક રણની ખેતીને ખૂબ પીલે તો તે રેતીમાંથી કદાચ તેલ પણ મેળવી શકે, તરસથી વ્યાકુળ બનેલો માણસ રણમાં ભટકતો-દોડતો હોય ત્યારે મૃગજળમાંથી પાણી પણ પી શકે, અને જંગલમાં ફરતાં ફરતાં અચાનક કદીક સસલાનું શીંગડું પણ મળી જાય, (આ બધી જ અશક્ય ઘટના ઘટી પણ જાય) પરંતુ જે દુરાગ્રહવાળા હઠીલા મૂર્ખ માણસના ચિત્તનું સમાધાન તો કદાપિ શક્ય નથી.'

ભતૃહરિએ અહીં ત્રણ અશક્ય બાબતોની યાદી આપતાં કહ્યું છે અને દૃઢતાપૂર્વક આ અશક્યતાને રજૂ કરતાં કહે છે કે કયારેક કોઇ બુધ્ધિમાન, બળવાન, સાહસિક-સંશોધનકાર વ્યક્તિ આ અશક્યતાને પણ સિધ્ધ કરી શકે (આજે પેટ્રોલને બદલે પાણીથી વાહન ચલાવવાનું શક્ય કરી બતાવ્યું છે ને?) એટલે કે આવી અશક્ય બાબતમાં પણ કદાચ સફળતા મળી પણ જાય! પરંતુ મૂર્ખજન, દુરાગ્રહી, હઠીલા, જડબુધ્ધિ કે મંદબુધ્ધિવાળાને સમજાવી તેને સદ્માર્ગે - સાચા માર્ગે લાવવાનું અશક્ય છે.

હઠીલા માણસો પોતાના મન-વિચાર-નિર્ણય પર અડગ જ રહે છે, હું જ સાચોની 'ગેરસમજ'નો એ કદાપિ ત્યાગ કરી શકતા નથી.

## સુવિચાર

- દુષ્ટ વ્યક્તિ સાપ કરતાં પણ વધારે ખતરનાક છે, સાપને તો છંછેડો તો જ ડંખ મારે છે પણ દુષ્ટ ડગલેને પગલે વિના કારણ ડંખે છે **- ચાણક્ય**
- વિચારવંત વ્યક્તિ જ ચૈતન્ય સભર છે અર્થાત વિચારવું એટલે જ જીવવું **- સિસેરો**
- જે પોતાની જાત પર સંયમ ધરાવે છે તે અત્યંત શક્તિશાળી છે **- સેનેકા**
- જેમ દિવસે કાગડો પણ ઘુવડ પર વિજય મેળવી શકે છે તેમ કોઇ દુશ્મનને મ્હાત કરવો હોય તો યોગ્ય તકની રાહ જુઓ **- તિરૂવલ્લુવર**
- પ્રેમની પરીક્ષા પ્રેમ દ્વારા જ થઇ શકે **- કાલિદાસ**
- સજ્જન લોકો ક્ષમા વડે જ દુષ્ટ લોકોને નિસ્તેજ બનાવી નાખે છે **- ભતૃહરિ**
- જેણે ખૂદને ઓળખી લીધો એણે ખૂદાને ઓળખી લીધો **- મહંમદ પયગંબર સાહેબ**

## બોધ કથા

આજકાલ તો થોડું તપ-સાધના-યોગ કરી એકાદ નાની સિધ્ધિ પ્રાપ્ત થઇ જાય કે સાધુ-મહાત્મા કે બાપુ થઇ બેસી જાય અને એમનાં ચેલકા 'બાપુ'ને ભગવાન તરીકે સ્થાપી દે અને 'મહાગુરૂ' વ્યાખ્યાન અને આશીર્વાદ દ્વારા તગડી ફી લઇ લોકોનો ઉધ્ધાર કરે!

ઝેન ગુરૂ પાસે તાલીમ લઇ એક શિષ્ય નવો નવો બહાર નિકળ્યો. દુનિયાના દુરાચાર, અધર્મ-પાપો જોઇ ખૂબ વ્યથિત થયો. અને મનમાં વલોપાત કરવા લાગ્યો. આ દુખ અને ચિંતામાં પોતાનાં ભાવ-ભક્તિ-ચિંતન પણ વિસારે પડ્યાં.

એ ફરી ઝેન ગુરૂ પાસે ગયો, અને પોતાની વ્યથા વ્યક્ત કરી પૂછ્યું, આ દુરાચારી અને અધર્મી લોકોનો આત્મા કયારે જાગૃત થશે? મને સતત આ ચિંતા જ રહે છે! તેમનું કલ્યાણ કયારે થશે?

ઝેન ગુરૂ એ સ્મિત સાથે શિષ્યને પૂછ્યું, મેં તને કયારે ય એવો સવાલ પૂછ્યો છે કે મારૂં કલ્યાણ કયારે થશે?

શિષ્ય છોભીલો પડી ગયો, કહ્યું પણ, હું તો અન્ય લોકોના કલ્યાણની ચિંતા કરૂં છું!

ગુરૂ કહે, પહેલાં તું તારા પોતાના આત્માની જાગૃતિનો વિચાર કર, નિશ્ચિંત થઇ જા, વિશ્વની ચિંતા ઇશ્વરને સોંપી દે!

# ઇન્દ્રિયો પર કાબુ ધરાવનાર તત્ત્વ પણ મન છે. ઉપનિષદોમાં ઇન્દ્રિયોને ઘોડા તથા મનને લગામ કહ્યાં છે, જો આ લગામ જ ઢીલી પડે તો અશ્વો ગમે તે બાજુ શરીર રથને ખેંચી જાય

## સંસ્કાર ચિંતન

**- અનંત ન. વ્યાસ**

'યજ્જાગ્રતો દૂરમુદૈતિ દેવં, તદુ સુપ્તસ્ય તથૈવેતિ ।
દુરઙંગમ જયોતિઆં જયોતિરેકં, તન્મે મનઃ શિવસંકલ્પમસ્તુ ॥'

- યજુર્વેદ

'જાગૃત અવસ્થામાં જે રીતે મન દૂર દૂર સુધી ગમન કરે છે, ઊંઘમાં પણ એ જ રીતે દૂર જાય છે. એ ચોક્કસ સ્વરૂપે તેજસ્વી ઈન્દ્રિયોનું જયોતિરૂપ છે. જીવાત્માનું એક માત્ર દિવ્ય માધ્યમ પણ તેજ છે. આ પ્રકારનું અમારૂં આ મન શ્રેષ્ઠ અને કલ્યાણકારી સંકલ્પોથી યુક્ત થાઓ.'

યજુ.૩૪/૧

યજુર્વેદના ૩૪માં અધ્યાયનાં પ્રથમ છ મંત્રોનું જૂથ 'શિવ' સંકલ્પ સૂકતા તરીકે પ્રસિધ્ધ છે. આ મંત્રો અષ્ટાધ્યાથી રૂદ્રીમાં પણ આવે છે. જીવનના નાના કે મોટા વિકટ પ્રસંગોમાં જયારે આપણું ચિત્ત સારા અને નબળાં વિચારે અટવાય. ત્યાં આ મંત્રનો ચોથો 'પાદ' 'તન્મે મનઃ શિવ સંકલ્યમસ્તુ' યાદ આ કરવાથી યોગ્ય માર્ગદર્શન મળી જાય છે. વિચારો પર તેની ઊંડી અને વ્યાપક અસર થાય છે. ઋષિ આ ઈ મંત્રોમાં મનની વિવિધ શક્તિઓનો પરિચય કરાવે છે. મનનાં પ્રભાવનું દર્શન કરાવતા તેઓ જણાવે છે કે આપણે આ અવિનાશી મનના સામ્યર્થથી જ ત્રણે કાળના જ્ઞાનને પામી શકીએ છીએ. મન જ્ઞાનનો અગાધ ભંડાર છે. જ્ઞાન સાગર છે. વેદોનું સર્જન તથા ઋચાઓના ગાનનું વિજ્ઞાન મન વડે સર્જાયું છે. વળી જે મન વ્યક્તિને તેના અંતિમ લક્ષ્ય સુધી પહોંચાડી ઉન્નત સ્થાન પર સ્થાપિત કરે છે તેજ મન વ્યક્તિને અવનતિની ખીણમાં પણ ગબડાવે છે. અનેક જન્મોની વાસનાઓનો અદ્ભૂત ખડકલો પણ મનના અગોચર ક્ષેત્રમાં થતો જાય છે. આપણે યજ્ઞ-યજ્ઞાદિ જે કર્મકાંડ કરીએ, દેવ-પૂજા, સેવા તથા શ્રધ્ધા રહેલા હોય છે. નાના મોટા કોઈ પણ કાર્ય માટે મન પ્રથમ તૈયાર થવું જોઈએ. મનમાં યોજના ઘડાઈ કાર્ય આકાર પામે છે. વાસ્તવિક સ્થૂળ કર્મ જે ચક્ષુ વડે જોઈ શકાય છે તે કર્મ કર્તાના આંતર-મનમાં કયારનુંય સમાપ્ત થઇ ચૂક્યું હોય છે. મનની મદદ વિના કંઈ પણ ન થઈ શકે. સાહિત્ય કે કલાના સર્જન માટે પણ સંવેદનશીલ મનની જ જરૂર પડે છે.

મનની આ વિવિધ શક્તિ પરત્વે કોઈ સાધક સાશંક નથી હોતો, સૌને તેને દિવ્યશક્તિ-સ્વરૂપે જાણે છે. મન તો સતત કાર્યશીલ રહે છે. આપણું મન નવરૂં પડે પણ મન કયારેય નવરૂં પડતું નથી. દરેક ક્ષણે તેમાં વિચાર પ્રવાહો સતત વહેતા હોય છે. કયારેક આપણા કે પારકાના ભૂતકાળ ઘટનાઓને વાગોળતું હોય તો કયારેક વર્તમાનની સ્થિતિમાં કલ્પનાની પાંખે ઊડતું હોયછે. મનને ભાવિના મનોહર સ્વપ્નો જોવાનો, ભવિષ્યમાં જીવન કેવું આલ્હાદ્ક બનશે તે વિષયક ભાવના સેવવાનો અદ્ભૂત ચસકો હોય છે. ગમે તેવો સમજુ માણસ પણ મનના આવેશમાં ખેંચાઈ પોતાના ભાવિ અંગે ઘોડા ઘડતો હોય છે. ક્ષણ ભરમાં મન દેશ-વિદેશ તો શું... પણ સ્વર્ગ-નર્કમાં પણ જઈ આવે. મનની ગતિ તો પ્રકાશની ગતિ કરતાં કેટલાં ઘણી વધારે છે. તેનું માપ પણ નથી થઈ શકતું. જેમ કે, પાંસઠ વર્ષે ધ્રુવનો પ્રકાશ અહીં પહોંચે છે. મન એક ક્ષણમાં પાંસઠ - પ્રકાશ વર્ષનો ગાળો કાપી ધ્રુવ પર જઈ શકે... આ માટે જ ઋષિ કહે છે 'વૃધ્ધાવસ્થા વિનાનું તથા અતિ વેગવાળું અમારૂં આ મન સદા માટે શુભ અને કલ્યાણકારી સંકલ્પો ધરાવે.'

પ્રથમ મંત્રમાં ઋષિ વ્યક્તિની જાગ્રત અવસ્તા તથા સુષુપ્તિની અવસ્થાની વાત કરે છે. જાગૃત અવસ્થામાં તો મન ગમે ત્યાં ભટકતું હોય છે. અનેક વ્યક્તિને મળે છે ને પ્રવાસો ખેડે છે. ઊંઘમાં પણ મન શાંત નથી રહેતું શરીર ભલે સ્વસ્થ શાંત પડેલું હોય, મન તો કાર્યરત હોય છે. સ્વપ્નાઓઆ ભટકતાં મનના પુરાવાઓ છે. કર્મેન્દ્રિયો તથા જ્ઞાનેન્દ્રિયો માટે મન જયોતિરૂપછે. મનને જ આ જીવાત્મા માટેનું દિવ્ય માધ્યમ ગણવામાં આવ્યું છે. મનથી જ પરમાત્માનાં વિચાર થાય. આત્મજ્ઞાન થાય અને વ્યક્તિ ભાવ-પૂર્ણ હૃદયે ચિંતન-મનન કરે. સદ્-સાહિત્યનો પાઠ કરી, પોતાના ચિત્તમાં વિવેક ગ્રહણ કરે... મનની સત્તાથી જ આ શક્ય બને છે. મનમાં ઊઠતાં વિચારો દિવ્ય હોય તો તેની અસર આપણી વાણી - વ્યવહાર પર પડે છે. માનવી જેવું વિચારે છે તેવું બોલે છે જેવું બોલે છે તેવું જ તેનાં કર્મમાં ઊતરે છે અને જેવું કર્મ તેવું ફળ મળે છે. આમ જીવનમાં ફળ પ્રાપ્તિનાં આધાર મન કેવા અને કેટલા સારા નરસા સંકલ્પ વિકલ્પ કરે તેના પર રહે છે. વ્યક્તિના ચારિત્ર્યનું નિર્માણ પણ મનના શુભ-અશુભ સંકલ્પોના આધારે જ ઘડાય છે. વેદમાં કેહવાયું છે 'પુરૂષ સંકલ્પમય હોય છે. જેવાં સંકલ્પો હોય તેવા અવતારો - અથવા તો પાછલું જીવન જીવવાનું મળે. માટે જીવનભર શુભ અને કલ્યાણકારી શ્રેષ્ઠ સંકલ્પો જ કરતાં રહેવું...'

મનમાં જો કુવિચારો આવે તો મનમાં જ રાક્ષસી કે પીચાશી વૃત્તિઓ જન્મે છે. એકવાર મનમાં ગંદકી પ્રવેશી જાય તો પછી તે સહેલાઈથી દૂર થતી નથી. કાકા સાહેબ કાલેલકર લખે છે કે નાનપણમાં વાંચેલી ગંદી - ચેષ્ટાયુક્ત ચોપડીઓનાં સંસ્કાર લાંબો સમય ટકેલાં.' નબળી વિચારધારા મનની વૃત્તિ સાથે ગાઢ રીતે ચૌટી જાય છે. પરિણામે મનની શક્તિ નબળી પડે છે. આસૂરી વૃત્તિ પ્રબળ થવાને પરિણામે વર્તન પણ આસૂરી બને છે. મનમાં કુવિચારોનું આક્રમણ સામાન્ય રીતે પણ બાહ્ય પરિબળોને કારણે જ થાય છે. મન તો લપસણું છે. એ જો કેળવાયેલ ન હોય, અથવા વિવેક, જાગૃત ન થયો હોય, તો મન સારા કરતા નઠારા તર્કો તરફ વધારે ઘસડાય છે. મનનાં પતન માટે તેમાં પ્રવેશતા બાહ્ય વાણી તથા વિચારો જવાબદાર હોય છે મન મૂળમાં ગંગાસમ પવિત્ર છે. પણ ગંગાને જેમ ગટરોના પાણી પ્રદૂષિત કરે છે. તેમ મનને પણ બાહ્ય-વિશ્વમાં વહેતી ગટરો પ્રદૂષિત કરે છે. આ ગટરો એટલે કામ - ચિંતન - પરસ્ત્રી સાથે મનન-સહવાસ-અશ્લિલ તથા હલકું વાચન, અસભ્ય દશ્યોનું અવારનવાર દર્શન, હલકી વાતો તથા ગંદી મજાકોમાં રસ, ટી.વી ફિલ્મમાં અને વિવિધ જાહેરાતોમાં પીરસાતું ઝેર - આ તમામ માસનિક પાપો છે. તે આપણા નિર્મુળ શુધ્ધિ તથા પવિત્ર મનને ખેંચી જાય છે. આમાંથી બચવા માટે જ ઋષિ સદૈવ શુભ સંકલ્પ કરવાનો આગ્રહ રાખે છે.

શરીરમાં રહેલું મન શરીરનું સંચાલન પણ કરે છે. મનમાં ચાલતા શુભ વિચારો, તેનું ચિંતન-મનનને કારણે જ જ્ઞાન પ્રવાહિત થાય છે. મન જેમ તમામ સદ્ગુણોનું ઉદ્ભવ સ્થાન છે તેમ તમામ દુર્ગુણોનું પણ છે. ઈન્દ્રિયો પર કાબુ ધરાવનાર તત્ત્વ પણ મન છે. ઉપનિષદોમાં ઈન્દ્રિયોને ઘોડા તથા મનને લગામ કહ્યાં છે. જો આ લગામ જ ઢીલી પડે તો અશ્વો ગમે તે બાજુ શરીર રથને ખેંચી જાય. મનમાં જો નબળા કે નિકૃષ્ટ તર્કો આવે તો ઈન્દ્રિયો તેના અમલ કરવા માટે સદા તત્પર જ હોય છે. ઈન્દ્રિયો વિકારી બને છે. વિષયભોગમાં રાચે છે. તેના પરિણામે વ્યક્તિ અધઃપતનના માર્ગે ચઢી જાય. આવું ન બને - અટકાવવા માટે પણ મનને સતત સારા કાર્ય તથા વિચારોમાં વ્યાપ્ત રાખવું જોઈએ. માણસના મનમાં રહેલા શુભ-અશુભ વિચારો જ તેના બંધન તથા મોક્ષ માટે જવાબદાર છે. આમ મન જ માણસને બાધે છે ને મન જ માણસને છોડાવે છે.

માનવ જીવન સત્કાર્ય માટે આપણને મળ્યું છે. પ્રગતિના કોઈ પણ ક્ષેત્રમાં પ્રવેશવા માટે સતત સંઘર્ષ કરવો પડે છે. અભ્યુદય - પતનની આ દોરડા ખેંચમાં મનનું બળ જ વિજય માટે કારણભૂત છે. દૃઢ મનોબળ ધરાવનાર માટે કોઈ કાર્ય અશક્ય નથી. કોઈ પણ કાર્યસિધ્ધિ પ્રાપ્ત કરવા પાછળ દૃઢ મનોબળ જ પાયામાં હોય છે. એટલે જ મનની દૃઢતા કેળવવી પડે છે. તે માટે સજ્જન પુરૂષોનો સહવાસ - સત્સંગ, ઉચ્ચ કક્ષાનું વાચન, મનન, તથા વિવેકશીલ વર્તન મહત્વના પાસા છે. મનને કાબુલમાં લેવું, તેને કેળવવું, એ સતત જાગૃતિ માગતું કાર્ય છે. કવિ દયારામ પોતાના મનને રખડતાં ઢોરા સાથે સરખાવે છે. 'મારૂં ઢણકતું ઢોર - ક્ષણ કે નગર - આખામાં' તેને અપાતો સારો લીલોછમ્મ ચારો નથી ભાવતો... ને ગામના ઉકરડામાં આંખર માટે જાય છે. સામાન્યતઃ સૌના મનની આ સ્થિતિ હોય છે મનને પ્રથમ સારા વિચારો કરવા નથી ગમતા. તેમાં તેને નિયંત્રણ લાગે છે. સ્વચ્છંદ વિચારોમાં આથડવાનું વધારે પસંદ કરે છે. જેમ ઢોરને પરાણે હાંકી લાવી. સારા ચારાની ટેવ પાડવામાં આવે તો પછી ઓખર કરવાનું ભૂલી જાય. મનને પણ જો એકવાર ઉચ્ચ વિચારો તથા ભાવનાઓનો ચટકો લાગી જાય તો પછી તે તેમાં ડૂબી જાય છે.

શાસ્ત્રોમાં જણાવેલા ષડરિપુમાં ક્રોધ તથા લોભનાં પ્રતિકાર શુભ સંકલ્પોથી જ થાય છે. જો મન સતત ઉત્તમ કલ્યાણકારી સંકલ્પો સાથે યુક્ત હોય તો લોભ કે ક્રોધની અસર વર્તાય નહિ. ઊભા થતા તેવા પ્રસંગોમાં શુભ - સંકલ્પોથી મનને ચેતવણી મળી જા છે. સજાગ મન પછી નબળી ને વળી નુકશાનવાળી - વૃત્તિથી બચે છે. ઋષિ કહે છે તેમ આવી અપરંપાર શક્તિ ધરાવતું અમારૂં મન કદિ નબળા ભાવ ન અનુભવે. હલકી વૃત્તિમાં ન રાચે. પણ સદા શુભ અને કલ્યાણકારી સંકલ્પોથી યુક્ત રહે.

# આપણામાંના દરેકની અંદર સરળ અને શાંતિ ઝંખતુ વ્યક્તિત્વ રહેલું છે... ઘડિયાળના કાંટે દોડતા અને દુનિયાદારી નિભાવતા ત્રસ્ત થઇને ઘણીવાર આપણો માહ્યલો બંધ પોકારે કે - હે માનવ! તું જરાક તો થોભ... થાક ખા...

## વિચાર યાત્રા

**- જય ઓઝા**

## સ્ટેટસનો ડૂચો... પૈસાનો ડૂચો... રીઅલ એસ્ટેટનો ડૂચો

તમને લઇ જવા માટે રસ્તો
તો તૈયાર છે; પણ થાક્યા છો.
અહીં બેસો તો ખરા!
દોડ દોડ શું કર્યા કરો છો?
આવતીકાલની સલામતી
માટે
આટલું બધું શું તરફડ્યા
કરો છો?
થોડીક વાર તો આકાશ
જુઓ
થોડીક વાર તો જુઓ ધરા
અહીં બેસો જરા
આકાશના કોઇ ટુકડાને
તમારી સાથે જીવવું છે,
રોજ રોજ તમારે જ આંગણે
ઊગેલાં ફુલને
તમને કંઇક કહેવું છે.
તમે સ્હેજ પણ ઊભઆ
રહેશો
અમસ્તા પણ મૂંગા રહેશો
તો તમારી જ ભીંતર
રહેલા પંખીને ટહુકવું છે...
તમે થોડાક તો તમારા પ્રત્યે
ઓછા ક્રૂર થાવ
તમે દુનિયાદારીથી થોડાક
તો દૂર થાવ
ખાતરી આપું છું.
કે તમને લઇ જવા માટે
રસ્તો તો તૈયારછે; પણ
થાક્યાં છો -
તો અહીં બેસો તો જરા

**- સુરેશ દલાલ**

વિખ્યાત કવિ ઓડેને આજના યુગને ચિંતાના યુગ (Age of Anxiety) તરીકે ઓળખાવ્યો છે, અને ચિંતાની ગંગોત્રી આપતું મન છે.

રોજબરોજની આપણી દિન-ચર્યા કે પછી દીનચર્યાનું જો આપણે વિશ્લેષણ કરીશું તો સમજાશે કે આપણે ખરેખર થોડુંક મેળવી લેવાની લ્હાહમાં ઘણું ગુમાવતા જઇએ છીએ... અલબત્ત શું ગુમાવી રહ્યા છીએ તેનું બ્રહ્મજ્ઞાન ઘણું મોડું થાય છે... અથવા તો કદાચ ઘણા વિરલા આ જ્ઞાન સાથે જીવતા હોય છે, પરંતુ તેને પચાવીને જીવવામાં માનતા નથી...

આવતી કાલની સલામતી, ભવિષ્યને સલામત કરવા માટે આપણે આપણી આજ વેડફતા તો નથી ને! રોજેરોજનું કામ કરીને રોજની કમાણી મેળવીને ખુશ રહેતા દાડીયા કરતા આપણે વધુ ચિંતિત શા માટે રહીએ છીએ?

આજે રવિવારે આ લેખ લખું છું ત્યારે આવું હડાપણ લાધ્યું તેનું એક કારણ છે ...કે રવિવારની સવાર એક સોનેરી પ્રસન્નતા લઇને ચાલી આવે છે. ઓફિસે નથી જવાનું આ હકીકત તે પ્રસન્નતાનાં મૂળમાં હોય છે. પ્રસન્નતાની આવી ક્ષણોમાં હિંચકે બેસીને ઠંડી માણવાની મજા મળે છે. છ-છ દિવસ શરીર અને મનનો કચ્ચરઘાણ વાળ્યા પછી નોકરિયાત માણસને બસ એક મજાની રવિવારની સવાર મહેનતાણામાં મળે છે.

સવારે નિરાંતે ઊઠીએ અને સૂર્યોદય જોઇએ, પછીઓની ચહલપહલ ટહુકાઓ સાંભળીએ... ધરતીની ઠંડક મેહસૂસ કરીએ, આંગણાના ફૂલછોડ પર આવતાં દરજીડાની રમત માણીએ... ત્યારે વિચાર આવે છે, આ બધું તો રોજ થતું હશે... આ સુંદરતા રોજ આપણી સમક્ષ વિખરાયેલી પડી હોય છે... પરંતુ દુનિયાદારીની દોડમાં ખોવાયેલા આપણે આ બધા તરફ નજર સુધ્ધાં નથી માંડતા...

જાણે રેસકોસના ઘોડાની બંને આંખોની આજુબાજુ પટ્ટા બાંધ્યા હોય છે, તેમ તેને માત્ર ફિનીશીંગ લાઇન જ દેખાય છે, સવારની લગામ ખેંચાય એટલે ભાગવાનું અને આજુબાજુ નજર કર્યા વગર બસ દોડે રાખવાનું.

આપણું પણ કાંઇક આવું જ છે ને! અઢળક કુદરતી સૌંદર્યને તરછોડીને આપણે વ્યવહારૂં શિષ્ટતા પૂરી કરવાના ઓરતા સેવીએ છીએ. અને કદાચ કોઇ પ્રકૃતિ પ્રેમી બનવાનો ડોળ કરતા હોય તો તેઓ દેખાવ પૂરતા જોગિંગ કરવા નીકળશે. રૂટિન પતાવવાની રીતે માત્ર દેખાવ ખાતર મોર્નિંગ વોક કે ઇવનિંગ વોક કરવા નીકળતા મહાનુભાવોની પણ સમાજમાં ખોટ નથી...

અરે! એવા પણ અનુભવી સાંભળ્યા છે કે... આપણાં જોગર્સ પાર્કમાં ટહેલવા માટે સવારે કાર લઇને 'પુનિત વન'માં કિલોમીટરો દૂરથી આવવાનું અને પછી શો ખાતર શેખી મારવા માટે ટહેલવાનું...

આ બધામાં પેલા દરજીડાની રમત અથવા તો કાબરની કલકલ કયારેય માણી શકાતી નથી...

મોટે ભાગે આપણું આપખું બીજાની માટે અને દેખાવ માટે પૂરૂં કરી નાખીએ... આપણું મન ખિસકોલી જેવું ચંચળ છે...

ખિસકોલીને એકાદ રવિવારે ફુરસદમાં નિહાળજો... ખિસકોલીના મનની વાત જાણવી મુશ્કેલ હોય છે... મોઢામાં ચીંથરૂં લઇને ઝાડ ઉપર અને નીચે એ ફર્યા કરે છે... ઝાડ ઉપર ચડ્યા પછી મોઢામાં જે ડૂચો હોય તે નીચે પડી જાય અને તે ફરી પાછી મૂંઝાતી નીચે ઉતરે વળી પાછો ડૂચો લઇને તે ઉપર ચડે છે...

આપણે પણ ખિસકોલીની માફક દોડા-દોડા કરતાં રહીએ છીએ... કોઇકને પૈસાનો ડૂચો હોય છે, કોઇકની પાસે સ્ટેટસનો ડૂચો હોય છે... ગોલ્ડનો ડૂચો, રીઅલ એસ્ટેટનો ડૂચો... બસ આ ચીંથરાના ડૂચા લઇ લઇને ઉપર નીચે થયે જ રાખીએ છીએ...

ને માણસ પાસે ઘણો સામાન હોય તેનું સમાજમાં 'વજન' પડે છે, જેમ 'વજન' વધારે. સ્ટેટસ વગરના માણસો પાસે હળવાશ હોય છે... હળવાશ અને સ્ટેટસને બારમો ચંદ્રમા હોય છે. ડૂચો જેટલો મોટો તેમ માનપાન વધારે...

આપણામાંના દરેકની અંદર સરળ અને શાંતિ ઝંખતુ વ્યક્તિત્વ રહેલું છે... ઘડિયાળના કાંટે દોડતા અને દુનિયાદારી નિભાવતા ત્રસ્ત થઇને ઘણીવાર આપણો માહ્યલો બંધ પોકારે કે - હે માનવ! તું જરાક તો થોભ... થાક ખા... જરાક નિરાંત જીવે બેસ... ખિસકોલીની માફક દોડાદોડ રહેવા દે.

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

### ૨૨મી જાન્યુઆરી

- નાટ્ય કલાના આજીવન સાધક, રંગભૂમિનાં કલ્પનાશીલ વત્સલ માર્ગદર્શક, જયશંકર સુંદરીની પુણ્યતિથિ. ૧૮૮૯માં વિસનગરમાં જન્મ.



સૌભાગ્ય સુંદરીના પહેલા જ ખેલમાં જયશંકરે સુંદરીની ભૂમિકા કુશળતાથી ભજવી. સુંદરી ઉપનામ કાયમ રહ્યું. ૨૨-૧-૧૯૭૫ માં અવસાન થયું.

- ૧૯૭૨ - ભારત ખાતે અરૂણાચલ (નેફા) નામનું નવું રાજય સ્થપાયું.
- ૧૫૬૧ - પ્રસિધ્ધ નિબંધકાર સર ફ્રાન્સિસ બેકનનો લંડન ખાતે જન્મ.
- ૧૭૮૮ - ઇંગ્લેન્ડના લોકપ્રિય કવિ બાયરનનો જન્મ.
- ૧૮૭૧ - નિકોલસ ઓમસ્ટ ઓટોનું જર્મની ખાતે અવસાન ઓતરિક દહનના પિતા માનવામાં આવે છે.
- ૧૬૬૬ - તાજમહેલ બનાવનારા મોગલ સમ્રાટ શાહજહાંનું અવસાન.
- હરગોવિંદ પારેખ, ગુજરાતી-હિન્દી કલાનાં રસજ્ઞનું અવસાન થયું - ૧૯૩૪.

# ભગવાન જે પરિસ્થિતિ સામે લાવીને મૂકી તે પરિસ્થિતિમાં અડગ થઈને સામનો કરવો એ તેનો સ્વભાવ હતો

## મોંઘેરા મોતી

**- નટવર આહલપરા**

## બુલંદીના માલિક અમુલભાઈ ભારદીયા



જામનગર જિલ્લો, તાલુકો કલ્યાણપુર અને લાંબાબંદર ગામે તા. ૧૭-૧૦-૫૧નાં રોજ અમુલભાઈ ખીમજીભાઈ ભારદિયાનો જન્મ થયો. માતા કાંતાબેન, પિતા ખીમજીભાઈ. અમુલભાઈ ભણ્યા છે સાત ધોરણ. પણ ગણ્યા છે ઘણું અને આજેય તેમનું ગણતર યુવાનો માટે પ્રેરક બની રહ્યું છે. ૧૯૭૯ મીઠાપુર ખાતે રંજનબેન સાથે ગૃહસ્થાશ્રમ પ્રારંભ્યો. રંજનબહેન સાત ધોરણ ભણ્યા છે. પણ વાંચનનો જબરો શોખ ધરાવે છે.

રવિ ટેકનો ફોરેજ પ્રા.લિ.માં મેનેજિંગ ડાયરેકટર એવા ઉદ્યોગપતિશ્રી અમુલભાઈ ગામમાં સુતારી અને ખેતીકામ કરતા હતાં. માતા કાંતાબહેન અને પિતા ખીમજીભાઈને ચાર દિકરા અને પાંચ દિકરીઓમાં અમુલભાઈ સૌથી મોટા પુત્ર છે. તેઓ સાત ધોરણ સુધી લાંબા ગામમાં અભ્યાસ કર્યા બાદ ધોરણ આઠમા અભ્યાસ માટે ખંભાળિયા ગયેલાં. પરંતુ સગાને ઘેર રહી અભ્યાસ થઈ શકશે નહીં. તેવું તેને લાગ્યું. નજીકના શહેરમાં જ્ઞાતિની બોર્ડીંગ ન હતી. તેમજ પિતાની આર્થિક સંકડામણમાં મદદરૂપ થવા આઠમા ધોરણમાં જ અભ્યાસને તિલાંજલિ આપી. અથાગ પરિશ્રમ, સુથારી, લુહારી, સોમિલનું કામ, મકાન બાંધકામ વગેરે અનેક ક્ષેત્રોમાં જ્યાં કામ મળે, તે કરવાની તૈયારી. ભાવના એવી કે, પિતાજીને શકય એટલા ટેકારૂપ થવું. ભણતર ઓછું. ગણતર વધુ, તેથી દરેક કામ સાથે નવું જાણવું કે એમાં આપમેળે ફેરફાર કે મહેનત વડે નવું કંઈક કરવું. આવું આત્મબળ પહેલેથી જ કેળવેલું.

મને થયું કે, એમના મુખે જ સાંભળીએ અને હજારો ભાવકો સામે મૂકીએ. પોતાના જીવનના શરૂઆતના દિવસો વાગોળતા અમુલભાઈ જણાવે છે કે, ૧૮-૨૦ વર્ષની ઉંમરે પોરંબર ગયો. ઓધવજી વાલજી ઍન્ડ કંું.માં રોજના ત્રણ રૂપિયે નોકરીની શરૂઆત કરી. કામ કરવાની અને પડકાર ઝીલવાની આવડત થકી કંપનીમાં પ્રત્યેક કામ ધગશપૂર્વક, ક્ષમતા તથા તૈયારી બતાવી. સાથી કર્મચારીઓની તો શેઠના ચમચા તરીકે પણ ગણના થતી. આમ છતાં કામ પ્રત્યેની લગનને કારણે દરેક કાર્ય પૂરી ચીવટ અને નિષ્ઠાથી કરવાનું રાખ્યું.

ઓધવજી વાલજી કંું. માં કુલ ચાર વર્ષ નોકરી કરી. ફ્રેબીકેશન અને ઈરેકશનનો બહોળો અનુભવ મેળવ્યો. જેમાં શરૂઆતમાં બે વર્ષ પોરબંદરમાં સૌરાષ્ટ્ર કૅમિકલ પ્લાન્ટમાં કામ શીખવા મળ્યું. ત્યારબાદ મીઠાપુર આરંભડા ખાતે બાર્જીસમાં બદલી થઈ. જ્યાં રૂમ પાર્ટનર નટુભાઈ વીરમગામ સાથે રહીને બે વર્ષ કામ કરેલું. ત્યારે અમે બંને બેચરલ હતા. અમારી મેળે રસોઈ બનાવતાં. ત્યારબાદ ૧૯૭૩માં નોકરી છોડી લાંબા પરત આવી. બાપુજીને કરવાનો મોકો મળ્યો. બાપુજી અને તેના મોટાભાઈ અલગ થતાં. જે સો મીલ હતું. તે મોટાભાઈના ભાગે આવ્યું. બાપુજી પાસે થોડી જગ્યા આવી. જેમાં સતારીકામ ચાલુ કરેલ. સો મીલના ભાગના થોડા પૈસા રોકડા લેવાના, બે વર્ષ પછી થતા હતાં. જે આખરે તે ન આપી શક્તાં, બાપુજીએ માફ કરી દીધાં. ત્યારે મને થયું કે, આપણે કંઈક કરવું જોઈએ. ખાલી સુતારી કામમાં બાર માણસોનો નભાવ મુશ્કેલ હતો. તે અમે ધીમે ધીમે નાનું એવું વર્કશૉપ ટુકડે ટુકડે ઊભું કરેલું. જેમાં એક સો મીલ, જે બાપુજીનો વિષય હતો ફલૉર મીલ, લૅથ મશીન, ધ્રીલ મશીન એક વૅલ્ડિંગ મશીન. થોડી લોન લઈને શરૂ થયું. પરંતુ કામ આરંભાયું અને મને થોડું સારું એવું કામ મળવા માંડ્યું. જેનું કારણ મેં નોકરી કરીને જે અનુભવ મેળવ્યો. તે કામમાં આવ્યો. ભાઈઓનો સાથ ખૂબ જ મળ્યો. કુટુંબની વાત કરું તો ભાઈઓ-બહેનોનો, મા-બાપ ખૂબ જ પ્રેમ છે. જે ભાગ્યે જ મળે. સાથે સાથે મારા ધર્મપત્ની રંજન ભારદીયાના હું જેટલા વખાણ કરું એટલા ઓછા છે. તેમણે પણ મને ખૂબ સાથ આપ્યો છે અનવે અમારા કુટુંબને એક સાથે જકડી રાખવામાં એમનો ફાળો બહુ મોટો છે. ઘણી વખત મને ખૂબ જ સારી શિખામણો એમની પાસેથી મળી છે જે હું ભૂલી શકતો નથી.

ભાઈઓની મહેનતથી અમે ખૂબ જ ઊંચાઈએ ગયા. છેલ્લે મેં નર્મદા સિમેન્ટમાં ટ્રાન્સપોર્ટનો ચૅલેન્જ કોન્ટ્રાકટ મેળવ્યો અને સાત વર્ષ ચલાવી. સારી નામના મેળવી હતી. પછી ૧૯૯૦માં ટ્રાન્સપોર્ટ બંધ કરીને રાજકોટમાં સૌરાષ્ટ્ર આર્યન ફોર્જીંગ પ્રા.લી. નામની ફૅકટરી શરૂ કરી. આજે આ ફૅકટરીનું નવું નામ રવી ટૅકનો ફોર્જ પ્રા.લિ. છે. જે હાલમાં ૧૬૦ કરોડનું ટર્ન ઑવર કરે છે. જેમાં આધુનિક સી.એન.સી. મશીન છે. એક મુદાની વાત કોન્ટ્રાકટ લાઈનમાં અમે ત્રણ ભાઈ અમુલભાઈ, જગદીશભાઈ, શાંતિભાઈએ ખૂબ જ સંઘર્ષ કરેલો. ચોથાભાઈને અમે બૅંગ્લોરની સારી કોલેજમાં ભણાવી ઍન્જિનીયર બનાવેલો. જે હાલમાં મારી સાથે ફોર્જીંગ યુનિય સારી રીતે સંભાળે છે. જગદીશભાઈ અને શાંતિભાઈ સિમેન્ટ ફૅકટરીઓના પાયો કામ આટોપે છે.

(અનુસંધાન પાના નં. ૯ પર)